10 ઓગષ્ટ, 2006

**પ્રાકૃતિક વિપદાથી પીડિત ક્ષેત્રોમાં બેંકોની રાબેતા મુજબની કામગીરી ચલાવવા માટેના નિર્દેશ.**

આરબીઆઇ દ્વારા તમામ શિડયુલ્ડ બેંકોને સુચન કરવામા આવ્યું છે કે તમામ બેંકોએ પ્રાકૃતિક વિપદાથી પીડિત ક્ષેત્રમાં તેમનાં દ્વારા આપતી બેંકીંગ સેવાઓ ઝડપથી રાબેતા મુજબની કરવાની રહેશે. આરબીઆઇના નિર્દેશ અનુસાર બેંકના ગ્રાહકો ને તેમના ખાતામા જમા-ઉપાડની કામગીરી, નવા ખાતા ખોલાવવાની કામગીરી (ખાસ કરીને સરકારી સહાય માટે) કામગીરી તુરંતજ રાબેતા મુજબની કરવાની રહેશે. આ નિર્દેશ ચેક કલીયરીંગ સેવાઓ તથા રોકડ રકમ આપવા માટે પણ છે.

આ નિર્દેશ આરબીઆઈના આંતરીક કાર્યકારી ગ્રુપની ભલામણો હેઠળ કરવામા આવ્યા છે જેથી પ્રાકૃતિક વિપદા વાળા ક્ષેત્રમા બેંકિંગ સેવાઓ ઝડપથી રાબેતા મુજબની કરાય તથા અન્ય સહાયતા કાર્યો ત્વરીત થઇ શકે. આરબીઆઈ દ્વારા આ આંતરીક ગ્રુપનું ગઠન ઓકટોબર 2005 ના જાહેર થયેલ વચગાળાની નીતી મા કરવામાં આવ્યું હતું.

જો કોઇ પ્રાકૃતિક વિપદાના કારણે બેંક તેના નિયત સ્થાનથી કામગીરી ન કરી શકતી હોય તો આરબીઆઇને જાણ કરી આ સંજોગોમાં તે બેંક કોઇ અન્ય જગ્યા પરથી પોતાની કામગીરી કરી શકે છે. વધુમા આવા પિડીત ક્ષેત્રોમાં સહાય માટે બેંકો સેટેલાઇટ-કામચલાઉ ઓફીસો, એકસ્ટેનશન કાઉન્ટર્સ, મોબાઇલ બેંકીંગ સુવિધા વિગેરે થી કાર્ય કરી શકે છે. વધુમાં આવા સંજોગોમા રોકડ રકમની જરૂરિયાત વાળા ગ્રાહકો જો પોતાની સમયમર્યાદાની ડિપોઝીટ (એફડી) માંથી પૈસા ઉપાડવા માંગતા હોય તો બેંકે તેવા સંજોગોમાં તે ધ્યાનમા લઇ તેના ઉપરની પેનલ્ટી માફ કરવી જોઇએ. આવી વિપરીત પરિસ્થિતિમાં એટીએમ ત્વરીત ચાલુ કરવા / ચાલુ રાખવા તથા અન્ય સગવડો ઉભી કરવાની ભલામણ કરવામા આવે છે. વધુમાં બેંકો અન્ય એટીએમોના ઉપયોગની પરવાનગી આપી અથવા મોબાઇલ એટીએમોની પણ સગવડ કરી શકે છે. જો બેંકની કરન્સી ચેસ્ટનો ઉપયોગ ન થઇ શકે તેવી સ્થિતી હોય તો કામચલાઉ ધોરણે નવી જગ્યા ઉપર તેનુ આયોજન કરવું.

નાણાકીય સહાયના હેતુથી બેંકો પોતાના હાલના તથા અન્ય યોગ્યતા ધરાવતા વ્યકિતઓને રૂ. 10,000 સુધીનું ધિરાણ કેન્દ્ર વધારાના પુરાવાઓ વગર આપી શકે છે. જો પ્રાકૃતિક વિપદા માત્ર વધુ હોય તથા નુકસાન વધારે થયું હોય તો તેવા કિસ્સાઓમા લોનના ભુગતાનની સમય મર્યાદા વધારવી જોઇએ તથા રીસ્ટ્રકચરડ મુદદતની લોન માટે તે 7 થી 10 વર્ષની (એક વર્ષના મોરેટોરીયમ સાથે) કરવી જોઇએ.

હાલમા ગુજરાત, આંધ્ર પ્રદેશ તથા મહારાષ્ટ્રમાં આવેલ પુરના સંદર્ભે આરબીઆઇએ રાજ્ય સ્તરની બેંકર્સ સમિતિ (SLBC) ને ખાસ એસએલબીસી (SLBC) મીટીંગ તાત્કાલીક ધોરણો યોજી રાહત માટેના જરૂરી પગલાઓ સુચવવા માટે જાણ કરી છે.

અલ્પના કિલ્લાવાલા
મુખ્ય મહા પ્રબંધક

પ્રેસ વિજ્ઞાપન : 2006-2007/207